# ગુન્હાહિત ભાવ ભારેલા

ગુન્હાહિત ભાવ ભારેલા, ધૂંવાડે ગૂંગળાતું મન;
બની બેબાકળાં રઘવાય, કપટનાં પરદે ખૂટલ-તન.

કપટ પરદો ચડે આંખે, ન ભાળે આગે યા પૂંઠે;
મોહી-આસક્તિની પાંખે, કષાયે ભાવ-મન ગૂંચે.
કપટથી છેતરી કોઈને, હરખશે બુદ્ધિ લાલચુની;
દિયે છે લોભ શાબાશી, પરાર્થે બાંધી જીવ-શૂળી.

કપટથી જે કર્યા વેપાર, સદા ત્યાં ગ્રાહકો નારાજ;
દિખાવે મીઠડાં સ્નેહી, ભીતરમાં ભારીને ખારાશ.
કૂડાં કામા વધારીને, ભર્યાં વિશ્વાસઘાતે ઘર;
વધે છે યાતના રાતે, રહે બેચેની, પડખાં ફર.

કપટનો દંડ છે ભયંકર, જીવનમાં યાતના વધશે;
પીડા પોતાને પહેલી છે, પછી તો 'ટેવ' થૈ કૈડશે.
કપટ તો કાળજાં કોરે, ન દેખે બહારથી દુનિયાં;
કરડશે પાપી પરમાણુ, ભીતરનાં યુધ્ધે ઘર ફૂટિયાં.

જે ઘાંટા પાડીને ફરતાં, ખરેખર મન મહીં ડરતાં;
ગુન્હા પોતાનાં છુપવવા, જો ચોરો શાહુકાર થતાં.
જે ડંખે છે હૃદયમાં શૂળ, તે સમજો અજ્ઞતાની ભૂલ;
ખુલ્લી કરતાં ટળે સહુ ભૂલ, જો ઉપરાણાં લીધાં તો ડૂલ.

કપટને છાવરાવો નહીં, મનો-વચ-કાય 'ટેવ' જુઓ;
નિરંતર જાગૃતિ સાથે, સ્વ-ટેવો ને કુટેવ ધુઓ.

નિયતથી સાફ છે તેને, લપસતાં ઝટકો આવે છે;
જે દાનત-ચોર છે તેને, કુદરત ફટકો આપે છે.

પ્રકર્તી ઘોડલે મનની, ભડક અસ્થિર છે દ્રવ્યે;
વીંટાતા ભાવમનને જો, રખો સુ-સ્થિર, એ કવિએ.
રૂંવે રૂંવે કપટ લ્હાયો, તો ભગવન્ ગુમ થઈ જાશે;
મહીંથી શોધી કાઢો કપટ, તો દ્રવ્યે ભાવ એક થાશે.

બીજાંની ભૂલ શોધવી સ્હેલ, ન જડશે કોઈ દિ' ખુદની;
જે ભાંગે ભૂલ તે ભગવાન, જો આવ્યાં ચૌદ લોક ધણી.
ન જડશે હાથ-પગ સાબૂત, 'વ્યવસ્થિત' શક્તિ મૂળ ચોક્કસ;
કબૂલી લ્યો ગુન્હા જૂનાં, પ્રગટ છે મોક્ષદા લોગ્ગસ.

ભયો તો બ્હાર છે ઊભાં, ભીતર ભડકાટ છે ભારી;
પરાયાં ક્ષેત્રમાં પેસી, કરી સત્તા તો ભો ભારી.
કીધી- મૂઢતાથી પૂર્વે ભૂલ, ટકરાવે જૂનાં નિમિત્ત;
કરો શુદ્ધાત્મની સાખે, હૃદયથી રોઈ, પ્રાયશ્ચિત.

રુદન, પણ મોક્ષ- જિજ્ઞાસે, પ્રભુને ખેંચીને લાવે;
બિરાજી આપણાં દિલમાં, સદંતર મોક્ષ વર્તાવે.
જગત ઊભું સત્તાધારે, અસત્થી છે ખત્તાં ભારે;
પરમ્ સત્ પ્રાપ્ત હો સૌને, તરી બેઠાં છે તે તારે.


For Private & Personal use only Jai Sachchidanand Sangh